અનુસૂચિત જનજાતિના એચઆઇવી એઇડ્સના દર્દીઓને મફત તબીબી સહાય યોજના હેઠળ સહાયમાં વધારા બાબત

**ગુજરાત સરકાર**
**આદિજાતિ વિકાસ વિભાગ**
**ઠરાવ ક્રમાંક: પરચ/૧૦૨૦૧૯/ન.બા-૧૬/ઘ**
**સચિવાલય, ગાંધીનગર.**
**તા.૦૧/૦૭/૨૦૨૦**

**વંચાણે લીધા:-**

(૧) આદિજાતિ વિકાસ વિભાગનો ઠરાવ ક્રમાંક: ટીએપી/૧૧૨૦૧૨/ન.બા.-૯/ઘ તા.૦૪/૦૪/૨૦૧૨

(૨) કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસની કચેરીનો, ગાંધીનગરનો પત્ર ક્રમાંકઃ અવ/અગન/ન.બ./ત/સ./૨૦૧૯-૨૦/૧૨૫૬ તા.૦૯/૧૨/૨૦૧૯

**પ્રસ્તાવના:-**

રાજ્યના અનુસૂચિત જનજાતિના લોકોની આર્થિક સ્થિતિ અત્યંત નબળી હોવાના કારણે આ સમાજના એચ.આઇ.વી. એઇડ્સ રોગનો ભોગ બનેલા લોકોને તબીબી સારવાર અને પૌષ્ટિક આહાર માટે રૂ.૫૦૦/- ની માસિક સહાય (દર્દ મટે નહીં ત્યા સુધી) આપવાની મંજૂરી ઉક્ત વંચાણે લીધેલ (૧) આગળના ઠરાવ કરવામાં આવી હતી. પરંતુ હાલના મોંઘવારીના સમયમાં અનુસૂચિત જનજાતિના એચ.આઇ.વી. એઇડ્સ ગ્રસ્ત દર્દીઓ તેઓની નબળી આર્થિક પરિસ્થિતિને કારણે એચ.આઇ.વી. એઇડ્સ જેવા ગંભીર રોગો માટેની મોંઘી દવાઓ ખરીદી શકતાં નથી તથા તેઓને દવાઓ સમયસર મળી શકતી નથી, આમ અનુસૂચિત જનજાતિના એચ.આઇ.વી. એઇડ્સ ગ્રસ્ત દર્દીઓને ચૂકવવામાં આવતી માસિક સહાયની રકમમાં રૂ.૫૦૦ નો વધારો કરવાની દરખાસ્ત ઉક્ત વંચાણે લીધેલ (૨) આગળના પત્રથી કમિશ્નરશ્રી આદિજાતિ વિકાસ દ્વારા રજૂ કરવામાં આવી હતી.

**ઠરાવ:-**

વિભાગ દ્વારા પુખ્ત વિચારણા અંતે અનુસૂચિત જનજાતિના એચ.આઇ.વી. એઇડ્સ ગ્રસ્ત દર્દીઓને હાલના મોંઘવારીના સમયમાં દવાઓ અને પૌષ્ટિક આહારના ખર્ચને પહોંચી વળવા ચૂકવવામાં આવતી માસિક સહાયની રકમમાં રૂ.૫૦૦/- નો વધારો ચૂકવવા માંગણી ક્રમાંકઃ ૯૩ હેઠળ રૂ.૨૧.૬૦/- લાખ તથા માંગણી ક્રમાંકઃ ૯૬ હેઠળ રૂ.૭૫.૬૦/- લાખની નવી બાબતને નીચેની શરતો આધિન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે:

**શરતોઃ-**

(૧) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ નાણાંકીય વર્ષ ૨૦૨૦-૨૧ની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતોવખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પદ્ધતિથી કરવાનો રહેશે.

(૪) આ મંજૂરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિદ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદનીતીની જોગવાઈઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૮) આઈ.ટી.સંબંધિત તમામ બાબતો અંગે સાયન્સ એન્ડ ટેક્નોલોજી વિભાગની વખતોવખતની સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૯) આ કામના ટેન્ડર પ્રોસેસીંગમાં સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨૨/૧૧/૨૦૦૬ના ઠરાવ ક્રમાંકઃ એસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/ચ માં ઇ-ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સુચનાઓ અને ત્યારબાદ વખતોવખત થયેલ સુધારાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૦) આ યોજના અન્વયે મંજૂર થયેલ મહેકમ વધુ સમય માટે ચાલુ રાખવા અંગે અલગથી દરખાસ્ત રજૂ કરી મંજૂરી મેળવી લેવાની રહેશે.

(૧૧) ઉક્ત નવી બાબતની વહીવટી મંજૂરી અન્વયે નાણા વિભાગના કરકસર અંગેના તા.૦૬/૦૬/૨૦૨૦ના ઠરાવ ક્રમાંકઃ ખરચ-૧૦૨૦૧૦-૧૧૮-ઝ.૧ થી અપાયેલ સૂચનાઓ અનુસાર ખર્ચ થાય તે વિભાગે સુનિશ્ચિત કરવાનું રહેશે.

આ અંગેનો ખર્ચ વર્ષ ૨૦૨૦-૨૧ના અંદાજપત્રમાં રૂ.૨૧.૬૦/- લાખની નવી બાબત માંગણી ક્રમાંકઃ ૯૩ આયોજન, મુખ્ય સદરઃ ૨૨૨૫-અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને અન્ય પછાત વર્ગ અને લઘુમતિઓનું કલ્યાણ, પેટા મુખ્ય સદરઃ૦૨ અનુસૂચિત આદિજાતિઓનું કલ્યાણ, ગૌણ સદરઃ ૨૮૨-આરોગ્ય પેટા સદર (૦૧) વીકિવાય ૩૧ આરોગ્ય વિષયક યોજના હેઠળ તથા રૂ.૭૫.૬૦./- લાખ, માંગણી ક્રમાંકઃ ૯૬ આયોજન, મુખ્ય સદરઃ ૨૨૨૫-અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને અન્ય પછાત વર્ગ અને લઘુમતિઓનું કલ્યાણ, પેટા મુખ્ય સદરઃ૦૨ અનુસૂચિત આદિજાતિઓનું કલ્યાણ, ગૌણ સદરઃ ૭૯૬-આદિજાતિ વિસ્તાર પેટા યોજના પેટા સદર- (૨૧) વીકિવાય ૩૧ આરોગ્ય વિષયક યોજનાઓ હેઠળ થયેલ જોગવાઈમાંથી ઉધારવો.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણાં વિભાગની તા.૨૫/૦૬/૨૦૨૦ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આઈ.એ.દેસાઈ)
ઉપ સચિવ
આદિજાતિ વિકાસ વિભાગ

નકલ રવાના :-

➢ માન. રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.

- માન.મંત્રીશ્રી(આ.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(આ.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, (ખર્ચ)ના રહસ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી(આ.વિ.), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી,આદિજાતિ વિકાસ, બિરસામુંડા ભવન, સેકટર-૧૦/એ, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, આરોગ્ય તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- અગ્રસચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, બ્લોક નં. ૫/૯ માળ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, વિકસિત જાતિ કલ્યાણ, બ્લોક નં. ૪, ત્રીજો માળ, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી, ગુજરાત સ્ટેટ એઈડ્સ કંટ્રોલ સોસાયટી, એ-૧૬, ન્યુ મેન્ટલ કમ્પાઉન્ડ, મેઘાણીનગર, અમદાવાદ.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- જીલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, બજેટ શાખા, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સેકશન અધિકારી સિલેક્ટ ફાઈલ.
- સિસ્ટમ મેનેજર, આદિજાતિ વિકાસ વિભાગ, વેબસાઈટ ઉપર સત્વરે મુકવા વિનંતી સહ.
- સિલેક્ટ ફાઈલ.